જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૯/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૯૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૯૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૯૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૭૯૫/૧૭**

આનંદનગર : રોનકભાઇ કાશીરામ પટેલ (ઉ.વ.૪૩)(રહે,પ્રાર્થના વિહાર તિરૂપતિ ટાઉનશીપ પાછળ મહેસાણા) એ તા.૦૫/૯/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૭ થી તા.૨૪/૮/૧૭ દરમ્યાન આરોપી વિશાલ અગ્રવાલ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી)(ઓફીસ: સન્માન-૨ આનંદનગર પેટ્રોલપપ સામે પ્રહલાદનગર) એ રોનકભાઇના દીકરા તીર્થ ને એમ.બી.બી.એસ.માં એડમીશન અપાવાની લાલચ આપી, રોનકભાઇ પાસેથી રૂપીયા ૬,૦૦,૦૫૬/- મેળવી લઈ, એડમીશન કે રૂપીયા પરત નહીં આપી રોનકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતંરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.બારડ ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૯૬/૧૭**

વટવા : કેસરદેવ કિશ્નારામ સૈની (રહે,ઓમશાંતિ નગર લાંભા રોડ નારોલ વટવા) એ તા.૫/૯/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૮/૧૭ રાતનાં ૧/૫૦ વાગ્યાનાં સુમારે સૈજપુર ગોપાલપુર પીરાણા રોડ પીપળજ નારોલ ખાતેઆવેલ નંદન ડેનીમ લીમીટેડ કંપનીના પાવર પ્લાન્ટમાં કામ કરતાં આરોપી (૧) દીલીપ હડીયા ડામોર (ઉ.વ.૨૨) અને (૨) પ્રવીણ લક્ષ્મણભાઈ ડામોર (ઉ.વ.૨૦) (બંને રહે, કેસરદેવની કંપનીના રૂમમાં નારોલ વટવા) ભેગામળી પ્લાન્ટમાંથી ટરબાઈન મશીનના ધન મેટલના પાર્ટસ નંગ-૦૪ કુલ કિંમત રૂપીયા ૨,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ઠુમ્મર ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૯૭/૧૭**

**સેટેલાઇટ :** વિહંગભાઇ વિનોદભાઇ લીમેય (ઉ.વ.૨૯)(રહે,માણેકબાગ સોસાયટી, ગેટ નં-૭ લેન નં-૧૪ સેટેલાઇટ) તા.૦૫/૯/૧૭ કલાક ૦૮/૦૦ વાગ્યાના સુમારે માણેકબાગ શુકન બગીચાના ગેટ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ કોઇ અજાણી વ્યક્તિએ વિહંગભાઇનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયો હતો. આ અંગેની ફરીયાદ વિહંગભાઇ એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**રોકડ ભરેલ પર્સ ખેંચી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૯૮/૧૭**

**બાપુનગર :** કશ્યપભાઇ મહેન્દ્રભાઇ ઠક્કર (ઉ.વ.૪૩)(રહે,શ્રીધર ટેનામેન્ટ ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર)એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૯/૧૭ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર વિરાભગતની ચાલીની સામે જૈન દેરાસર તરફ જવાના ત્રણ રસ્તા ઉપર રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કશ્યપભાઇની એક્ટીવા ઉપર આગળના ભાગે રાખેલ પર્સ કે જેમા રોકડા રૂપીયા ૯૩,૫૮૦/- તથા કાલુપુર કોમર્શીયલ બેન્કની પાસબુકો તથા ચેકબુકો ભરેલ હતી તે ખેંચી ચોરી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૯/૧૭**

શહેરકોટડા : નરેશભાઇ કાનજીભાઇ પટણી (ઉ.વ.૩૬)(રહે,સંજયનગર સોસાયટી અનિલ સ્ટાર્ચ રોડ સરસપુર) એ તા.૦૫/૦૯/૧૭ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૭ રાતનાં ૦૦/૩૦ થી સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન સરસપુર ગલારધાની ચાલી ની સામે સ્નાનાઘરનાં કોટ પાસે રોડ પર પોતાની બોલેરો પીકપ ગુડ્સ વ્હીકલ ગાડી નંબર જીજે.૦૧.ડી.એક્સ.૩૧૮૧ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૮૦૦/૧૭**

**રામોલ :** આર્યા ચીરાગભાઈ સાધુ (ઉ.વ.૦૩)(રહે,અબજીબાપા એપાર્ટમેંટ વસ્ત્રાલ) તા.૨/૯/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ત્રીજા માળેથી રમતા-રમતા રૂમમાંથી બારી વાટે નીચે પડી જતા, માથાના ભાગે તથા કાનમા ઈજા થતા, સારવાર માટે તેણીને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતી. જ્યાં સારવાર દરમ્યાન ફરજ પરના ડૉ.શ્રી એ તા.૦૫/૦૯/૧૭ ના કલાક ૧૦/૨૦ વાગે આર્યાને મૃત જાહેર કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનુભાઈ વિરાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.